JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | ISC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL | TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


Make Safety Your Top Priority
Application for KSB Make Fire Fighting Pumps
▫ Industries & Factories
▫ Commercial & Residential Buildings
▫ Hospitals, Hotels, Malls, Schools & Colleges
Pooja Agencies
'POOJA HOUSE' 2/860, RING ROAD, OPP. SUB-JAIL, SURAT-395002. GUJARAT
Phone :-+91-261-2313450/2328450
E-mail: Surat @poojagroup.com
41

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૧ ફાગણ વદ તેરસ, ગુરુવાર ૨૭ માર્ચ, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૧૨૦

પાનાં ૧૦+૪ કિંમત ₹ ૫.૦૦

# પાક. સૈન્યમાં બળવાની વકી: સૈન્ય વડાનાં રાજીનામાંની માગ

**પાકિસ્તાની** સૈન્યના જૂનિયર અધિકારીઓએ આર્મી ચીફ જનરલને કહ્યું રાજીનામું આપો નહીંતર...

**તમારો** સમય પૂરો થયો: જૂનિયર અધિકારીઓ તમે જે ચોરી કર્યું છે તે અમે પાછું લઈશું જો જરૂર પડે તો બળજબરીથી



**ઈસ્લામાબાદ, તા. 26:** પાકિસ્તાની સેના એક અભૂતપૂર્વ પરિસ્થિતિ સામે ઝઝૂમી રહી છે જેમાં જુનિયર અધિકારીઓ અને ભૂતપૂર્વ જનરલોએ વર્તમાન સેના પ્રમુખ જનરલ અસીમ મુનીરને પદ છોડવાની ચેતવણી આપી છે. અહેવાલો અનુસાર, અધિકારીઓએ આરોપ લગાવ્યો છે કે મુનીર બદલો લેતી વખતે પાકિસ્તાની સેનાને રાજકીય દમનનું સાધન બનાવે છે.

આ અભૂતપૂર્વ ઘટનાક્રમમાં, પાકિસ્તાન સેનાના જુનિયર અધિકારીઓએ ખુલ્લેઆમ આર્મી ચીફ જનરલ અસીમ મુનીરના રાજીનામાની માગ કરી છે. સખત શબ્દોમાં લખાયેલા એક પત્રમાં, તેમણે મુનીર પર સૈન્યને રાજકીય દમન અને વ્યક્તિગત બદલાના સાધનમાં ફેરવવાનો આરોપ લગાવ્યો અને ચેતવણી આપી કે તેમણે તાત્કાલિક રાજીનામું આપવું પડશે નહીંતર પરિણામોનો સામનો કરવો પડશે.

કર્નલ, મેજર, કેપ્ટન અને જવાનો દ્વારા લખાયેલો આ પત્ર જાહેર કરે છે કે મુનીરના નેતૃત્વએ પાકિસ્તાનને 1971ની યાદ અપાવતા ખાડામાં ધકેલી દીધું છે, જ્યારે દેશને વિનાશક

...અનુસંધાન પાના 5 પર

## સિંધ પ્રાંતમાં નહેર યોજના સામે વિરોધ

સિંધુ નદીમાંથી નવી નહેરો બનાવવાની યોજનાની જાહેરાત કર્યા પછી પાકિસ્તાનમાં સંઘીય સરકાર સિંધ પ્રાંતમાં રાષ્ટ્રવાદી પક્ષના નેતાઓ, સામાજિક કાર્યકરો, વિદ્યાર્થીઓ, ધાર્મિક વ્યક્તિઓ, વકીલો અને લેખકોના નેતૃત્વમાં વધતા વિરોધનો સામનો કરી રહી છે.

## સરકારી ભાવ નિયંત્રણ હેઠળ કેન્સર, ડાયાબિટીસની દવાઓ મોંઘી થશે

**નવી દિલ્હી, તા. 26.** સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે, કેન્સર, ડાયાબિટીસ, હૃદય સંબંધિત બીમારીઓ અને અન્ય એન્ટિબાયોટિક્સ દવાઓ સહિત સરકાર દ્વારા નિયંત્રિત દવાઓ ટૂંક સમયમાં મોંઘી થશે. સૂત્રોએ ઉમેર્યું હતું કે, આ દવાઓના ભાવમાં 1.7 ટકાનો વધારો થવાની ધારણા છે. આ દવાઓમાં અપેક્ષિત વધારા વિશે બોલતાં ઓલ ઇન્ડિયા ઓર્ગેનાઇઝેશન ઓફ કેમિસ્ટ્સ એન્ડ ડ્રગિસ્ટ્સ (એઆઈઓસીડી) ના જનરલ સેક્રેટરી રાજીવ સિંઘલે જણાવ્યું હતું કે, આ પગલાથી ફાર્માસ્યુટિકલ ઉદ્યોગને રાહત મળશે. કારણ કે, કાચા માલની કિંમત અને અન્ય ખર્ચ વધી રહ્યા છે. સિંઘલે કહ્યું હતું કે, ''વેપારની વાત કરીએ તો બજારમાં દવાઓના નવા ભાવ જોવામાં હજી બેથી ત્રણ મહિના લાગશે. કારણ કે, કોઈપણ સમયે બજારમાં લગભગ 90 દિવસની વેચાણપાત્ર દવાઓ હોય છે.''

# સમગ્ર દેશમાં UPI ખોરવાતા લોકો હેરાન

**એનપીસીઆઇએ** સમસ્યા સ્વીકારી અને કહ્યું કે ઉકેલી દેવાઈ છે, જીપે, પેટીએમ અને બેંકિંગ સેવાઓમાં પણ આઉટેજની અસર વર્તાઈ, સોશિયલ મીડિયા પર મીમનું પૂર

**નવી દિલ્હી, તા. 26.** યુનિફાઇડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઈ)માં ટેક્નિકલ ખામીને કારણે દેશભરમાં આઉટેજ થયો હતો, જેના કારણે પેટીએમ, ગૂગલપે અને ફોનપે જેવા પ્લેટફોર્મ પર વ્યવહારો ખોરવાઈ ગયા હતા. ઘણા વપરાશકર્તાઓએ ડાઉનટાઈમ દરમિયાન ચુકવણી નિષ્ફળ ગઈ હોવાની જાણ કરી હતી.

નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ)એ આ સમસ્યાનો સ્વીકાર કર્યો હતો અને કહ્યું હતું કે, આ સમસ્યા સમયાંતરે થતી ટેક્નિકલ મુશ્કેલીઓને કારણે થઈ હતી, જેના કારણે આંશિક વ્યવહાર નિષ્ફળ ગયા હતા.

એનપીસીઆઈએ એક્સ પર એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''હવે આ સમસ્યાનું નિરાકરણ કરવામાં આવ્યું છે અને સિસ્ટમ સ્થિર થઈ ગઈ છે. અસુવિધા બદલ દિલગીર છીએ.''

યુપીઆઈ આઉટેજથી માત્ર ફરિયાદો જ નહીં, પરંતુ સોશિયલ મીડિયા પર મીમનું પૂર આવ્યું હતું.

ગૂગલપે વપરાશકર્તાઓએ મુખ્યત્વે ચુકવણીઓ (72%), ત્યાર બાદ વેબસાઈટ ઍક્સેસ (14%) અને

...અનુસંધાન પાના 5 પર



# દક્ષિણ કોરિયામાં જંગલની આગ બેકાબૂ, 24નાં મોત

**28800** લોકોને સ્થળાંતરીત કરાવાની ફરજ પડી, આગ બુઝાવવા ગયેલા એક પાઈલટનું મૃત્યુ

**સિઓલ, તા. 26 (AP):** દક્ષિણ કોરિયાના જંગલોમાં અત્યાર સુધીના સૌથી ભયંકર આગ દેશના દક્ષિણ પ્રદેશોમાં તબાહી મચાવી રહી છે, જેમાં 24 લોકોનાં મોત થયાં હતાં 300થી વધુ ઈમારતોનો નાશ થયો હતો અને 28,800 લોકોને સ્થળાંતર કરવા પડ્યા હતા, એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું. મરનારાઓમાં એક પાઇલટ પણ સામેલ છે જેઓ દક્ષિણપૂર્વીય શહેર ઉઇસોંગમાં જંગલની આગને કાબૂમાં લેવાના પ્રયાસો દરમિયાન હેલિકોપ્ટર તૂટી પડતાં મૃત્યુ પામ્યા હતા. તેમાં અન્ય કોઈ ક્રૂ મેમ્બર ન હતા. આ સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાંનો એક છે. નેશનલ ફાયર એજન્સીએ કહ્યું હતું કે ઓછામાં ઓછા 26



● ગ્યોંગબુક સેઓબુ કલ્ચરલ હેરિટેજ કેર સેન્ટરના સભ્યો દક્ષિણ કોરિયાના ઉઇસેઓંગમાં ગૌન્સા મંદિર તરફ આગળ વધી રહેલી જંગલની આગની તૈયારી માટે બુદ્ધની પ્રતિમાને સુતરાઉ કાપડ અને અગ્નિરોધક ધાબળાથી લપેટી રહ્યા છે.

...અનુસંધાન પાના 5 પર

## ભારત 307 સ્વદેશી હોવિત્ઝર તોપો ખરીદશે

**સંરક્ષણ** મંત્રાલયે 6,900 કરોડના સોદા પર હસ્તાક્ષર કર્યા, આ તોપો પાકિસ્તાન અને ચીન સરહદ પર તૈનાત કરવામાં આવશે

**નવી દિલ્હી.** સંરક્ષણ મંત્રાલયે ભારતીય સેનાની સંરક્ષણ ક્ષમતા વધારવા માટે બુધવારે 6,900 કરોડ રૂપિયાના સોદા પર હસ્તાક્ષર કર્યા હતા. આ અંતર્ગત હવે 307 એડવાન્સ્ડ ટોવ્ડ આર્ટિલરી ગન સિસ્ટમ (એટીએજીએસ) એટલે કે હોવિત્ઝર તોપો ખરીદવામાં આવશે. આ પહેલી વાર છે કે આટલી મોટી સંખ્યામાં સ્વદેશી તોપો ખરીદવામાં આવી રહી છે. આ તોપો પાકિસ્તાન અને ચીન સરહદ પર તૈનાત કરવામાં આવશે. આ સોદો ભારત ફોર્જ અને ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ સાથે કરવામાં આવ્યો છે. આમાં ભારત ફોર્જ 60% તોપોનું ઉત્પાદન કરશે, જ્યારે ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ 40% ઉત્પાદન કરશે.ભારતમાં બનેલી એટીએજીએસ તોપો દુશ્મનો પર ભારે. જેમ કે એડવાન્સ્ડ ટોવ્ડ આર્ટિલરી ગન સિસ્ટમ નામ સૂચવે છે કે આ એક ટોવ્ડ ગન છે એટલે કે એક એવી તોપ જેને ટ્રક દ્વારા ખેંચવામાં આવે છે. જોકે, બોફોર્સની જેમ, શેલ ફાયર કર્યા પછી તે પોતાની મેળે

...અનુસંધાન પાના 5 પર

## સીબીઆઈએ છત્તીસગઢમાં ભુપેશ બઘેલના નિવાસ સ્થાને દરોડા પાડ્યા

**રાયપુર-નવી દિલ્હી.** સીબીઆઈએ બુધવારે 60 સ્થળો પર શોધ તપાસ શરૂ કરી હતી જેમાં છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલનું નિવાસ સ્થાન પણ સામેલ છે, રૂ. 6000 કરોડના મહાદેવ સટ્ટા એપ કૌભાંડના સંબંધમાં આ કાર્યવાહી કરાઈ હતી.એજન્સીની ટીમો રાયપુર અને ભિલાઈમાં આવેલા બઘેલના નિવાસ સ્થાનો સાથે જ એક વરિષ્ઠ પોલીસ અધિકારી અને બઘેલના નજીકના સહયોગીના ઘરો પર પહોંચી હતી. બઘેલના એક્સ હેન્ડલ પરથી એક પોસ્ટમાં, કોંગ્રેસ નેતાના કાર્યાલયે કહ્યું હતું, 'હવે સીબીઆઈ આવી ગઈ છે. પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ 8 અને 9 એપ્રિલના રોજ અમદાવાદમાં યોજનારી એઆઈસીસીની બેઠક માટેની ડ્રાફ્ટિંગ કમિટિની બેઠક માટે આજે દિલ્હી જવાના છે. તે પહેલાં સીબીઆઈ રાયવા અને નિરપુર પહોંચી ગઈ છે.' કોંગ્રેસે કહ્યું કે બઘેલના નિવાસસ્થાનો પર

...અનુસંધાન પાના 5 પર




## લોકસભાની ચૂંટણી હારી ગયા સ્મૃતિ ઈરાની અદૃશ્ય થઈ ગયાં

૨૦૧૪માં નરેન્દ્ર મોદી દિલ્હીમાં સત્તા પર આવ્યા ત્યારથી સ્મૃતિ ઝુબીન ઈરાની એક લોકપ્રિય ચહેરો હતી, ખાસ કરીને ઉત્તર પ્રદેશના અમેઠી મતવિસ્તારમાં એક હાઇ-પ્રોફાઇલ ચૂંટણીમાં લોકસભાની ચૂંટણી હારી ગયા પછી તેઓ અદૃશ્ય થઇ ગયા હોય તેવું લાગે છે. તેમને કિશોરી લાલ શર્માએ હરાવ્યા હતા, જેઓ નેહરુ-ગાંધી પરિવારના બેકરૂમ મેનેજર હતા. લાંબા સમયથી લાઇમલાઇટથી દૂર ન રહેનાર અભિનેત્રીમાંથી રાજકારણી બનેલી ઈરાની પુનર્વસન માટે ઉત્સુક છે. કદાચ, દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવતાં તેમને એક તક દેખાઈ. ભાજપ વર્તુળમાં એવી ચર્ચા હતી કે ઈરાની વિધાનસભાની ચૂંટણી લડી શકે છે અને મુખ્યમંત્રી પદનો ચહેરો બની શકે છે. આ ચર્ચાએ જોર પકડ્યું હતું. કારણ કે, દિલ્હીમાં ભાજપ પાસે કોઈ વિશ્વસનીય ચહેરો નથી જે આમ આદમી પાર્ટીના સુપ્રિમો અરવિંદ કેજરીવાલનો સામનો કરી શકે. તેમના તરફથી કેજરીવાલ આટલા વર્ષોમાં ભાજપની આ નબળાઈનો લાભ લેવામાં સફળ રહ્યા છે. જોકે, પાર્ટીના હાઇકમાન્ડ તરફથી આવા કોઈ સંકેત મળ્યા ન હતા અને ચૂંટણી આવી. તેમણે ફરી એકવાર તક ગુમાવી દીધી. કદાચ, પાર્ટીના ઉચ્ચ અધિકારીઓની યોજનાઓ અલગ હતી. તેઓ ઈરાની પર

...અનુસંધાન પાના 5 પર

**સ્તન પકડવાં અને પાયજામાનું નાડું ખેંચવું બળાત્કારનો પ્રયાસ નથી એવા અલ્હાબાદ હાઇકોર્ટના ચુકાદા સામે ભારે ઉહાપોહ થયો હતો**

# બળાત્કાર અંગે અલ્હાબાદ હાઈકોર્ટની વિવાદાસ્પદ ટિપ્પણીઓ પર સુપ્રીમનો સ્ટે

**હાઈકોર્ટના** અવલોકનો અસંવેદનશીલ અને અમાનવીય: સુપ્રીમ, સામાન્ય સંજોગોમાં અમે સ્ટે આપવામાં સમય લઈએ છીએ

**સુપ્રીમે** કેન્દ્ર, ઉત્તર પ્રદેશ સરકારને પોતાની પ્રતિક્રિયાઓ આપવા નોટિસ જારી કરી, આગામી સુનાવણી 15 એપ્રિલના રોજ થશે

**નવી દિલ્હી, તા. 26 (PTI):** સર્વોચ્ચ અદાલતે બુધવારે અલ્હાબાદ હાઈકોર્ટના હાલના અવલોકન પર સ્ટે મૂક્યો હતો જેમાં મહિલાના સ્તનો પકડવા અને તેના પાયજામાના નાડા ખેંચવાને બળાત્કારનો પ્રયાસ ગણાવ્યો ન હતો, સુપ્રીમે કહ્યું હતું કે તે સંપૂર્ણ 'અસંવેદનશીલતા' અને 'અમાનવીય અભિગમ' દર્શાવે છે.

17 માર્ચના ચુકાદામાં હાઈકોર્ટના અવલોકનોની સખત ટીકા કરતા, સુપ્રીમ કોર્ટે તેને ખૂબ જ ગંભીર મામલો ગણાવ્યો હતો. 'સામાન્ય સંજોગોમાં, અમે આ તબક્કે સ્ટે આપવામાં સમય લઈએ છીએ. પરંતુ ફકરા 21, 24 અને 26માં દેખાતા અવલોકનો કાયદામાં ક્યારેય દેખાયા નથી અને તે સંપૂર્ણ અસંવેદનશીલ અને અમાનવીય અભિગમ દર્શાવે છે, તેથી અમે ઉપરોક્ત અવલોકનો પર સ્ટે મૂકવા માટે તૈયાર છીએ', એમ જસ્ટિસ બી.આર. ગવઈ અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે કહ્યું હતું. 'વી ધ વુમન ઓફ ઈન્ડિયા' દ્વારા ભારતના ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાને પત્ર લખ્યા બાદ સુપ્રીમ કોર્ટે આ મામલાનું જાતે સંજ્ઞાન લીધું હતું. 'આગામી આદેશો સુધી, 17 માર્ચ, 2025 ના રોજના આદેશના ફકરા 21, 24 અને 26માં જજ દ્વારા કરવામાં આવેલા અવલોકનો પર સ્ટે રહેશે', એમ બેન્ચે કહ્યું.

...અનુસંધાન પાના 5 પર

### હાઈકોર્ટે ચુકાદો સારી રીતે સમજીને આપ્યો: સુપ્રીમ

સુપ્રીને નોંધ લીધી કે એવું નથી કે આ ચુકાદો એક ક્ષણમાં આપવામાં આવ્યો હતો. હાઈકોર્ટે 13 નવેમ્બર, 2024ના રોજ ચુકાદો અનામત રાખ્યો હતો અને લગભગ 4 મહિના બાદ ચુકાદો સંભળાવવામાં આવ્યો હતો. તેનો અર્થ છે કે જજે બાદમાં મગજ લગાવી ચુકાદો લખ્યો હતો.વાંધાજનક આદેશમાં અને ખાસ કરીને ફકરા 21, 24 અને 26માં કરવામાં આવેલા કેટલાક અવલોકનો જજ તરફથી સંપૂર્ણ અસંવેદનશીલતા દર્શાવે છે, બેન્ચે કહ્યું.

### જજ માટે આવા કઠોર શબ્દોનો ઉપયોગ બદલ અમને દુ:ખ: સુપ્રીમ

'આ ખૂબ જ ગંભીર મામલો છે, જજ તરફથી સંપૂર્ણ અસંવેદનશીલતા દર્શાવવામાં આવી હતી', એમ જસ્ટિસ ગવઈએ કહ્યું. 'જજ વિરુદ્ધ આવા કઠોર શબ્દોનો ઉપયોગ કરવા બદલ અમને દુ:ખ છે', એમ બેન્ચે ઉમેર્યું.

### સોલિસીટર જનરલ મહેતાએ પણ હાઈકોર્ટના ચુકાદાનો વિરોધ કર્યો

સોલિસીટર જનરલ તુષાર મહેતાએ કહ્યું, 'આ એક એવો ચુકાદો છે જેનો હું ગંભીર રીતે વિરોધ કરું છું.' મહેતાએ કહ્યું કે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ ત્યાંના રોસ્ટરના માસ્ટર હતા અને કેટલાક પગલાં લેવા જોઈતા હતા.

# અમેરિકી ચૂંટણીમાં વ્યાપક સુધારા માટેના આદેશ પર ટ્રમ્પે હસ્તાક્ષર કર્યા

**આદેશ** મુજબ મતદાન માટે નાગરિક્તાનો પુરાવો ફરજિયાત કરાશે આ આદેશથી કેટલાંક લોકો મતાધિકારથી વંચિત રહી શકે છે, મતદાન હકોના સંગઠનોએ ચિંતા વ્યક્ત કરી

**ન્યૂયોર્ક, તા. 26 (AP):** પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે અમેરિકામાં ચૂંટણીઓમાં વ્યાપક સુધારાઓ કરવા માટે એક એક્ઝિક્યુટિવ આદેશ પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં કેન્દ્રીય ચૂંટણીઓમાં મતદાન કરવા માટે નોંધણી કરવા માટે નાગરિકતાના દસ્તાવેજવાળા પુરાવાની આવશ્યકતા સામેલ છે અને ચૂંટણીના દિવસ સુધીમાં તમામ મતપત્રો પ્રાપ્ત થાય તેવી માગણી કરવામાં આવી હતી.

આદેશ કહે છે કે અમેરિકા 'મૂળભૂત અને જરૂરી ચૂંટણી સુરક્ષ લાગુ કરવામાં નિષ્ફળ રહ્યું છે અને રાજ્યોને મતદાર યાદીઓ શેર કરવા અને ચૂંટણી ગુનાઓ પર કેસ ચલાવવા માટે કેન્દ્રીય એજન્સીઓ સાથે કામ કરવા હાકલ કરે છે. તે

...અનુસંધાન પાના 5 પર

### આદેશમાં ટ્રમ્પે ભારત અને બ્રાઝિલના દાખલા આપ્યા

**ન્યૂયોર્ક, તા. 26 (PTI):** અમેરિકન ચૂંટણીમાં વ્યાપક સુધારાઓ માટેના આદેશમાં પ્રમુખ ટ્રમ્પે ભારત અને બ્રાઝિલને ટાંક્યા હતા અને કહ્યું હતું કે બંને દેશો મતદાર ઓળખપત્રને બાયોમેટ્રીક ડાટાબેસ સાથે જોડી રહ્યા છે જ્યારે અમેરિકા નાગરિકતા માટે સ્વ-સત્યાપિત પદ્ધતિ પર નિર્ભર કરે છે. 'અમેરિકા આધારભૂત ચૂંટણી સુરક્ષા અમલમાં લાવવામાં નિષ્ફળ ગયું છે જ્યારે વિકસીત અને વિકાસશીલ બંને પ્રકારના દેશો તેનો ઉપયોગ કરે છે. દાખલા તરીકે ભારત અને બ્રાઝિલ, તે બંને મતદાર ઓળખપત્રને બાયોમેટ્રીક ડાટાબેસ સાથે જોડી રહ્યા છે, જ્યારે અમેરિકા મોટાભાગે નાગરિકતા માટે સ્વ-સત્યાપિત પર નિર્ભર છે', એમ આદેશમાં કહેવાયું હતું.'જર્મની અને કેનેડામાં મતપત્રોનો ઉપયોગ થાય છે જે

...અનુસંધાન પાના 5 પર

# વૃક્ષો કાપવા કોઈ વ્યક્તિની હત્યા કરતા ખરાબ: સુપ્રીમ કોર્ટ

**સુપ્રીમે** શિવશંકર અગ્રવાલ દ્વારા તાજ મહેલ નજીક કાપવામાં આવેલા 454 વૃક્ષો માટે પ્રતિ વૃક્ષ રૂ. 1 લાખના દંડને મંજૂરી આપી

**આ કેન્દ્ર** સરકાર માટે એક ચેતવણી છે, જે સતત વન સંરક્ષણ કાયદાઓને નબળા કરી રહી છે: પર્યાવરણવિદ

**નવી દિલ્હી, તા. 26 (PTI):** સર્વોચ્ચ અદાલતે મંગળવારે કહ્યું હતું કે મોટી સંખ્યામાં વૃક્ષો કાપવા એ કોઈ વ્યક્તિની હત્યા કરતાં પણ ખરાબ છે. પર્યાવરણને નુકસાન પહોંચાડનારાઓ પ્રત્યે કોઈ દયા ન દાખવવી જોઈએ. સુપ્રીમ કોર્ટે આગ્રામાં તાજ મહેલની આસપાસ ગેરકાયદેસર રીતે કાપવામાં આવતા દરેક વૃક્ષ માટે રૂ. 1 લાખના દંડને મંજૂરી આપી છે. સાથે જ, દંડ સામે દાખલ કરાયેલી અરજી ફગાવી દીધી હતી. જસ્ટિસ અભય એસ ઓકા અને જસ્ટિસ ઉજ્જલ ભુઇયાની બેન્ચે સ્પષ્ટતા કરી હતી કે કોઈ પણ વ્યક્તિ સંબંધિત સત્તાવાળા

...અનુસંધાન પાના 5 પર

તા. ૨૬-૦૩-૨૦૨૫નું સુરત શહેરનું

## હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૨° સે. | ૨૪.૬° સે. | ૪૧% |